45

78

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
ઘ-૫ પાસે, સેકટર-૧૬
ગાંધીનગર

પરિપત્ર ક્રમાંક: ટેકનીકલ સેલ/રીચાર્જ/ ૨૯૮ — તા. ૨૨/૧/'૯૯

વિષય : રીચાર્જની કામગીરી બાબત ...

સંદર્ભ (૧) પરિપત્ર ક્રમાંક: ટેકનીકલ સેલ/રીચાર્જ/૪૩૭૬, તા. ૨.૯.'૯૭
(૨) બોર્ડ બેઠક ક્રમાંક: બીએમ/૧૭૮/૨૪, તા. ૧૧.૯.'૯૮
(૩) પરિપત્ર ક્રમાંક: ટેકનીકલ સેલ/રીચાર્જ/૪૧૩૨, તા. ૯.૧૦.'૯૮

આ મુ ખ :-

સરકારશ્રીએ રીચાર્જની કામગીરીને પ્રાધાન્ય આપ્યું છે. અગાઉ ભૂગર્ભ ટાંકા અને રીચાર્જની કામગીરી માટે સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે કરારખત કઈ રીતે કરવો તેમાં કઈ શરતો રાખવી તે અંગે તા. ૨.૯.'૯૭નારોજ એક પરિપત્ર બહાર પાડવામાં આવેલ હતો. આ પરિપત્રમાં ભૂગર્ભ ટાંકા અને રીચાર્જની કામગીરી સાથે આવી જતી હતી. આ પરિપત્રમાં વિસંગતતા હોવાની રજુઆતો થતી હતી. આથી ભૂગર્ભ ટાંકા અને રીચાર્જની કામગીરી માટે અલગ અલગ પરિપત્ર બહાર પાડવા તે મુજબ નકકી કરવામાં આવેલ છે. ભૂગર્ભ ટાંકા અંગેનો પરિપત્ર અલગ રીતે બહાર પાડવામાં આવ્યો છે. રીચાર્જની કામગીરીમાં કઈ શરતો અને બોલીઓ રાખવી તે માટે બોર્ડ બેઠક ક્રમાંક: બીએમ/૧૭૮/૨૪, તા.૧૧.૯.'૯૮ના રોજ એક દરખાસ્ત રજુ કરવામાં આવેલ હતી. આ ઉપરાંત, તા. ૧૧.૯.'૯૮નારોજ રીચાર્જના કામ માટે ખાસ બેઠક પણ બોલાવવામાં આવેલ હતી. ઉકત બેઠક અને બોર્ડ બેઠકમાં થયેલ નિર્ણયને ધ્યાનમાં લઈ રીચાર્જના કામ માટે તા.૨.૯.'૯૭ના રોજ કરવામાં આવેલ પરિપત્ર સંદર્ભે નવિન પરિપત્ર તૈયાર કરવામાં આવેલ, જે સંદર્ભ (૩)થી દર્શાવેલ છે તેને સુધારીને નીચે પ્રમાણે પરિપત્ર બહાર પાડવામાં આવે છે.

રી ચા ર્જ :

(૧) અગાઉ ભૂગર્ભ ટાંકા અને રીચાર્જની કામગીરી માટે જે સંસ્થાઓને માન્યતા આપવામાં આવી હતી તે સંસ્થાઓ મહદ્અંશે ભૂગર્ભ ટાંકાની કામગીરી કરતી હોય તેમ અનુભવે જણાયું છે. આથી બોર્ડ બેઠક ક્રમાંક: બીએમ/૧૭૮/૨૪માં વધારાની સંસ્થાઓને માન્યતા આપવાનું નકકી કરવામાં આવેલ છે. આ સંસ્થાઓની માન્યતા અંગેના હુકમ અલગ રીતે કરવામાં આવ્યાં છે.

(૨) રીચાર્જની કામગીરી એટલે મહદ્અંશે કુવાઓને રીચાર્જ કરવા, પાતાળકુવાઓને રીચાર્જ કરવા, હેન્ડપંપોને રીચાર્જ કરવાના તે છે. આ માટે કુવાઓને રીચાર્જ

(૨)...

કરવા માટે કૂવાઓની નજીક કે હેન્ડપંપની નજીક પીટ કરી, ફીલ્ટર મીડીયા ભરી રીચાર્જ કરવાની પધ્ધતિ અત્યારે અમલમાં છે. આ પધ્ધતિને પણ આધુનિક કરવાની બાબત ટેકનીકલી વિચારવાની રહેશે. ઉંડા પાતાળકુવાઓ રીચાર્જ કરવા માટે પાતાળકુવાઓના પ્રથમ સ્તર કે બીજા સ્તર સુધી એકઠું થયેલ પાણી ફીલ્ટર કરી ઉતારવાની પધ્ધતિ પણ અમલમાં મુકવાની રહેશે. આ ઉપરાંત, ભૂગર્ભ ચેકડેમ કે નદીમાં અથવા વોંકળામાં વહેતુ પાણી અટકાવીને જમીન ઉપરના ચેકડેમ બનાવવાની કામગીરીને પણ પ્રાધાન્ય આપવાનું રહેશે. વૉટર સપ્લાયના કૂવાઓને રીચાર્જ કરવા માટે ચેકડેમથી કૂવા સુધીની લાઈન નાંખી પાણી ફીલ્ટર કરીને કૂવામાં ઉતારી શકાતુ હોય તો તે બાબત પણ વિચારવાની રહેશે.

(૩) જે સંસ્થાઓ પાસે પોતાના ટેકનીકલ/તજજ્ઞ સ્ટાફ હોય તે સંસ્થાએ આ કામગીરીના અંદાજો તેમના તજજ્ઞ પાસે તૈયાર કરાવીને જે તે જીલ્લામાં સ્વૈચ્છિક સંસ્થા કામ કરવા માગતી હોય તે જિલ્લાનાં કાર્યપાલક ઈજનેરને અંદાજો રજુ કરશે.

(૪) સ્વૈચ્છિક સંસ્થા જે અંદાજો તૈયાર કરે તે અંદાજોને બોર્ડની ચાલુ વર્ષની ભાવસૂચિ આધારીત રહેશે. જો કોઈ આઈટમનો ભાવ ન પોષાતો હોય તો તેવી આઈટમનું રેઈટ એનાલીસીસ કરી અંદાજો તૈયાર કરશે.

(૫) જિલ્લાનાં કાર્યપાલક ઈજનેર રુા. ૧૦.૦૦ લાખની મર્યાદાના અંદાજોને તાંત્રિક ચકાસણી કરી અંદાજો રજુ થયા બાદ દિન-૧૦ની અંદર વહીવટી મંજુરી આપશે અને જરુર જણાય તેવી સંસ્થાઓ માટે તાંત્રિક મંજુરી આપશે. જો અંદાજના ભાવો એસ.ઓ.આર. મુજબના ન હોય તેવા કિસ્સામાં જિલ્લા કક્ષાની અધિક્ષક ઈજનેરના વડપણ હેઠળની કમિટિ સમક્ષ દરખાસ્ત રજુ કરી, એસ.ઓ.આર.ની ભાવસૂચિ ઉપરાંત મહત્તમ જે તે આઈટમ પૂરતો ભાવ વધારો મંજુર કરી શકશે. જે આઈટમના ભાવો એસ.ઓ.આર.માં ન હોય તેવા ભાવોને જિલ્લા કક્ષાની કમિટિમાં ચકાસણી કરી, મુખ્ય ઈજનેરની સૈધ્ધાંતિક મંજુરી મેળવી કામ આપી શકશે.

(૬) કાર્યપાલક ઈજનેર, જીયોલોજીસ્ટ મારફતે શકય રીચાર્જ માટે ચેકડેમની સાઈટનું સર્વે કરાવી તેની સાઈટો નકકી કરશે. ચેકડેમના સ્થળ નકકી થયા બાદ સોઈલ ટેસ્ટીંગ, ચેકડેમની ડીઝાઈન તથા નકશા અને અંદાજપત્રો પુરા પાડવાની કામગીરી માટે કાર્યપાલક ઈજનેર ટેન્ડર બહાર પાડી, એજન્સી નકકી કરી શકશે. જિલ્લામાં એક એજન્સીને સર્વે ઈન્વેસ્ટીગેશન ડીઝાઈન વગેરેની વધુમાં વધુ દસ સાઈટોની કામગીરી સોંપી શકાશે. આ કામગીરીનું ખર્ચ રીચાર્જીંગના સદરે ઉધારવાનું રહેશે.

(3)...

(૭) રીચાર્જ કામગીરીના અદાજોને મંજુરી મળ્યે સ્વૈચ્છિક સંસ્થા સાથે કાર્યપાલક ઈજનેરે કરારનામુ કરવાનું રહેશે. સ્વૈચ્છિક સંસ્થાને આ કામ માટે ૩૩% રકમ એડવાન્સ આપવાની રહેશે. એડવાન્સ આપતી વખતે ઈન્ડેમ્નીટી બોન્ડ રૂા. ૨૦.૦૦ના સ્ટેમ્પ પેપર ઉપર અથવા બેંક ગેરંટી સામે આ રકમ આપવાની રહેશે. ૩૩% એડવાન્સ મુજબનું કામ પુરું થાય ત્યારબાદ બીજા ૩૩% એડવાન્સ આપવાના રહેશે અને ત્રીજા ૩૩% રકમનું ચૂકવણું કામ પૂર્ણ થયા બાદ આપવાનું રહેશે. રૂા. ૫૦,૦૦૦ સુધીની તાંત્રિક મંજુરી જે તે સ્વૈચ્છિક સંસ્થાએ આપવાની રહેશે. જ્યારે રૂા. ૫૦,૦૦૧થી ઉપરની રકમ માટેના કામોને તાંત્રિક મંજુરી કાર્યપાલક ઈજનેરશ્રીએ આપવાની રહેશે. ચેકડેમની સ્થળ પસંદગી પાણી સમિતિ/ ગ્રામ સમિતિએ સ્વૈચ્છિક સંસથાના પરામર્શમાં રહી નકકી કરવાની રહેશે. ગ્રામ સમિતિ કે ગ્રામ પંચાયત આ કામગીરી કરવાની ઈચ્છા ધરાવતી હોય તો તે માટે પણ તેઓએ સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે ચર્ચા વિચારણા કરી નકકી કરવાનું રહેશે. અંદાજ મુજબ કામ પૂર્ણ થયેલ છે કે કેમ, તે અંગેની આકારણીનું પ્રમાણપત્ર જે તે સ્વૈચ્છિક સંસ્થાએ આપવાનું રહેશે. ગ્રામ સમિતિ/ પંચાયત રૂા. ૫૦,૦૦૦ના એક એવા વધુમાં વધુ ચાર કામ કરી શકશે. ગ્રામ પંચાયત જો રૂા. ૫૦,૦૦૦/-થી વધુ અંદાજવાળા કામો કરવા માંગતી હોય તો આવા રૂા. ૪.૦૦ લાખ સુધીનાં કામો મુખ્ય ઈજનેરશ્રી મંજુર કરી શકશે. રૂા. ૪.૦૦ લાખથી ઉપરનાં અંદાજવાળા કામોને બોર્ડ કક્ષાએ મંજુરી આપવાની રહેશે.

(૮) ચેકડેમના કામો ગ્રામ પંચાયત, સ્વૈચ્છિક સંસ્થાઓ, મ્યુનિસિપાલિટી, વન વિભાગ, બેંકો, કોર્પોરેશનો, જી.આઈ.ડી.સી. કે સિંચાઈ વિભાગને પણ આપી શકાશે, તથા રૂા. ૧.૦૦ લાખની અંદાજી કિંમતના કામો અને અંદાજી ભાવથી બેકાર ઈજનેર મારફતે પણ કરાવી શકાશે.

(૯) રૂા. ૫૦.૦૦ લાખ સુધીના અંદાજોને અધિક્ષક ઈજનેર કક્ષાએથી વહીવટી મંજુરી આપવામાં આવશે. રૂા. ૫૦.૦૦ લાખથી વધારે હોય તેવા પ્રોજેકટને મંજુરી અર્થે બોર્ડમાં રજુ કરવાની રહેશે અને બોર્ડ કક્ષાએ ત્રણ સીનીયર અધિકારીઓની એક કમિટિ બનાવી આ કમિટિ આ પ્રકારના પ્રોજેકટને મંજુરી આપશે. આ કમિટિમાં મુખ્ય ઈજનેર (આયોજન અને નિયંત્રણ) સભ્ય સચિવ અને સચિવશ્રી (પાણી પુરવઠા) રહેશે. સચિવશ્રી (પાણી પુરવઠા) આ કમિટિના અધ્યક્ષ રહેશે.

(૧૦) રૂા. ૫૦.૦૦ લાખ સુધીના અંદાજોને મંજુરી આપતી વખતે ઝોન કક્ષાની ટેકનીકલ કમિટિમાં મુખ્ય ઈજનેરના વડપણ હેઠળની ટેકનીકલ કમિટિમાં આવી મંજુરી મેળવી લેવાની રહેશે, જ્યારે રૂા. ૧૦.૦૦ લાખ સુધીના અંદાજોને વહીવટી મંજુરી આપતા પહેલાં અધિક્ષક ઈજનેરના વડપણ હેઠળની કમિટિએ મંજુરી આપવાની રહેશે.

(૪)....

(૧૧) નિયત કરેલ સમયમર્યાદામાં કામ પૂર્ણ થયેથી સરકારશ્રીએ નિર્ધારીત કરેલ નમુના મુજબની મેજરમેન્ટ બુક સાથે થયેલ કામ માપ સાથેની અને ખર્ચની વિગતો સ્વૈચ્છિક સંસ્થાએ રજુ કરવાની રહેશે અને સંબંધિત કાર્યપાલક ઈજનેરશ્રીએ રૂા. ૨.૦૦ લાખ સુધીના ખર્ચ માટે બીજી એડવાન્સ તથા છેવટની રકમ ચૂકવતા પહેલાં સંબંધિત નાયબ કાર્યપાલક ઈજનેરે સ્થળ ઉપર ચકાસણી કરીને ઉપરોકત પરિપત્ર મુજબ પ્રતિસહી કરીને કામ સંતોષકારક થયુ છે તે મુજબનું પ્રમાણપત્ર મેળવવાનું રહેશે.

(૧૨) મંજુર થયેલ અંદાજોની રકમ કરતાં ખરેખર ખર્ચમાં બચત થઈ હોય તો આવી બચતની રકમ સંસ્થાએ સંબંધિત કાર્યપાલક ઈજનેરને પરત આપવાની રહેશે.

(૧૩) રીચાર્જની કામગીરીમાં લોકફાળાની રકમ રૂા. ૫.૦૦ લાખ સુધી ૫% અને ૫.૦૦ લાખથી ઉપરના કામો માટે રૂા. ૨૫,૦૦૦ ઉપરાંત વધારે રકમ માટે ૨% મુજબ લોકફાળો લેવાનો રહેશે. લોકફાળાની રકમ શ્રમદાન સ્વરુપે પણ લઈ શકાશે.

(૧૪) સ્વૈચ્છિક સંસ્થાઓના અંદાજોની નેટ રકમ અથવા થયેલ ખર્ચ પૈકી જે ઓછું હોય તેના ઉપર નીચેની વિગતે વહીવટી ખર્ચ ચૂકવવાનો રહેશે.

રૂા. ૩૦,૦૦૦ સુધીના અંદાજો ઉપર ૧૦%
રૂા. ૩૦,૦૦૧ થી ૧,૦૦,૦૦૦ સુધીના અંદાજો ઉપર ૮%
રૂા. ૧,૦૦,૦૦૦થી ૫,૦૦,૦૦૦ સુધી ૫%
રૂા. ૫,૦૦,૦૦૦થી ઉપરનાં અંદાજો ઉપર સ્વૈચ્છિક સંસ્થા સાથે વાટાઘાટો કરીને રકમ ઘટાડવાની શકયતા તપાસવાની રહેશે.

(૧૫) ચેકડેમના અંદાજો કે અન્ય કોઈ કામના અંદાજોની ડીઝાઈન- કાર્યપાલક ઈજનેર (સિવિલ) ધ્વારા મંજુર કરવાની રહેશે અને આ ડીઝાઈનની મંજુરીમાં તાંત્રિક મુશ્કેલી હોય તો યાંત્રિક વિભાગની આઈટમ માટે કાર્યપાલક ઈજનેર, યાંત્રિક વિભાગની મંજુરી લેવાની રહેશે અને સિંચાઈ વિભાગની આઈટમ હોય તો જરુર જણાયે સિંચાઈ વિભાગના સ્થાનિક કાર્યપાલક ઈજનેર (સિંચાઈ)ની મદદ લેવાની રહેશે અને ચેકડેમની ડીઝાઈન સ્થાનિક પોલીટેકનીક કે અન્ય સંસ્થા પાસે કરાવવાની જરુરીયાત રહેતી હોય તો તે પણ કરાવી શકાશે.

(૫) ...

80

૫૬૯

ઉપરોકત બાબતોનો સમાવેશ તા. ૨.૯.'૯૭ના ઠરાવ ક્રમાંકઃ રીચાર્જ/૪૩૭૬ની સાથે બીડેલ પરિશિષ્ટ-'૧'માં કરવાનો રહેશે, એટલે કરારનામાની શરતોમાં તે પ્રમાણે ફેરફાર કરવાનો રહેશે.

ઉકત સૂચનાનો અમલ તાત્કાલિક અસરથી કરવાનો રહેશે.

(પી. કે. શાહ)
મુખ્ય ઈજનેર (આયોજન અને નિયંત્રણ)

નકલ સવિનય રવાના પ્રતિ :

(૧) માનનીય મંત્રીશ્રી, પાણી પુરવઠાના અંગત મદદનીશશ્રી

(૨) માન. નાયબ મંત્રીશ્રી પાણી પુરવઠાના અંગત મદદનીશશ્રી

(૩) માન. અધ્યક્ષશ્રીના કાર્યકારી સચિવશ્રી, બોર્ડ કચેરી, ગાંધીનગર

(૪) સચિવશ્રી (પા પુ) નર્મદા, જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૫) સભ્ય સચિવશ્રી, ગુ.પા.પુ. અને ગટર વ્ય. બોર્ડ, ગાંધીનગર

(૬) ખાસ ફરજ પરના અધિકારીશ્રી (પા પુ) નર્મદા, જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૭) મુખ્ય ઈજનેરશ્રી, ઝોન-૧/૨/૩, વડોદરા/અમદાવાદ/રાજકોટ

(૮) મુખ્ય ઈજનેરશ્રી (પ્લાનીંગ) બોર્ડ કચેરી, ગાંધીનગર

(૯) મુખ્ય ઈજનેરશ્રી (કવૉલીટી કન્ટ્રોલ) બોર્ડ કચેરી, ગાંધીનગર

(૧૦) નિયામકશ્રી, આઈઈસી સેલ, ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા, સેકટર-૧૫, ગાંધીનગર.

(૧૧) મુખ્ય ઈજનેરશ્રી (યાં) બોર્ડ કચેરી, ગાંધીનગર

(૧૨) નિયામકશ્રી, જલસેવા તાલીમ સંસ્થા, સેકટર-૧૫, ગાંધીનગર

(૧૩) નાણાંકીય નિયંત્રકશ્રી, બોર્ડ કચેરી, ગાંધીનગર

(૧૪) અધિક્ષક ઈજનેરશ્રી (સર્વે)

(૧૫) કાર્યપાલક ઈજનેરશ્રી (સર્વે)

સર્વે મુખ્ય ઈજનેરશ્રીઓને વિનંતી કરવાની કે, આ ઠરાવની નકલ તેમના વહીવટી તાબા હેઠળનાં સંબંધિત તાંત્રિક અધિકારીઓને જાણ સારું મોકલવા સારું.